


**શું આપની ટાંકી ઉભરાય છે?**
**શું આપની ટાંકી ખાલી થઈ જાય છે?**

ઓટોમેટીક સ્વીચ લગાવો જે મોટર ને ઓટોમેટીક ચાલુ-બંધ કરે છે.

**અમર ઈલેક્ટ્રોનીક કન્ટ્રોલ્સ**

૫, દરીયા મહેલ એપાર્ટમેન્ટ, સુરત મહાનગરપાલિકા સામે, મુગલીસરા,સુરત.
ફોન : 2429322 મો : 9824059872



# ગુજરાતમિત્ર

તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

સંવર્ધક તંત્રી : સ્વ. પ્રવીણકાન્ત ઉત્તમરામ રેશમવાળા
તંત્રીઃ મુદ્રક : પ્રકાશક : ભરત પ્રવીણકાન્ત રેશમવાળા

વડોદરા



શ્રી અંબિકાનિકેતન મેડીકલ ટ્રસ્ટ
SHRI K. P. SANGHVI HOSPITAL
**શ્રી કે. પી. સંઘવી હોસ્પિટલ**
લાલવાડી, સગરામપુરા, સેન્ટર પોઈન્ટ પાછળ, રીંગરોડ, સુરત-૨. ફોન : ૦૨૬૧-૨૪૬૨૦૭૭-૮૮

**જનરલ સર્જરી - લેપ્રોસ્કોપીક (દૂરબીન દ્વારા ઓપરેશન) સર્જીકલ ઓ.પી.ડી.**
અનુભવી નિષ્ણાંત જનરલ સર્જરી અને લેપ્રોસ્કોપીક (દૂરબીન દ્વારા) સર્જનની ઓ.પી.ડી. સેવા ઉપલબ્ધ.
**ડૉ. સોહીલ સાયકલવાલા** : M.S.(Laparoscopy & General Surgeon)
સોમ થી શનિ : સાંજે ૬ થી ૭

**મ્હોં - જડબાની સર્જીકલ ઓ.પી.ડી.**
* મ્હોં-જડબાને લગતા ઓપરેશન * અકસ્માતથી થતા મ્હોં-જડબાના ફ્રેકચર ઓપરેશન
* જન્મજાત ખોડખાપણની વિકૃતિથી પિડાતા વાંકાચૂકા મ્હોં-જડબા અને ફાટેલા હોઠ
* તાળવા જન્મથી જ મોઢું ન ખુલ્વું * નાક-કાન વાંકાચૂકા હોવા જેવા ઓપરેશનના અનુભવી નિષ્ણાંત સર્જનની સેવા ઉપલબ્ધ.
**ડૉ. નેહલ એસ. પટેલ** : MDS, Oral & Maxillofacial Surgeon & Implantologist
સોમ અને બુધવાર : બપોરે ૧ થી ૩



માલિકઃ ગુજરાતમિત્ર પ્રા.લિ. પ્રકાશન સ્થાનઃ ગુજરાત સ્ટાન્ડર્ડ પ્રેસ, ગુજરાતમિત્ર ભવન, સોની ફળિયા, સુરત-૩૯૫૦૦૩ | e-mail:mitra@gujaratmitra.in | ટે.નં.: જા.ખ. વિભાગઃ ૨૫૯૯૯૯૧, ફેક્સઃ ૨૫૯૯૯૯૦, વ્યવસ્થા, તંત્રી વિભાગઃ ૨૫૯૯૯૯૨/૩/૪

GUJARATMITRA AND GUJARATDARPAN
Regd.No. SRT-006/2024-26 ★ RNI No.1597/57

વર્ષઃ ૧૬૩ * * * સંવત ૨૦૮૨ પોષ સુદ એકમ, રવિવાર ૪ જાન્યુઆરી, ૨૦૨૬ * * * દૈનિક : ૮૯ - અંક : ૬૨

પાનાં ૧૨+૮ કિંમત ₹ ૬.૦૦


# વેનેઝુએલા પર અમેરિકાનો હુમલો, પ્રમુખ બંદી





**દિવસોની** ઘેરાબંદી પછી શનિવારે વહેલી સવારે અચાનક લશ્કરી કાર્યવાહી કરવામાં આવી

**એક** કલાકથી પણ ઓછા સમયમાં કાર્યવાહી પુરી, પ્રમુખ અને તેમની પત્નીને પકડી લેવાયા

**ટ્રમ્પે** વેનેઝુએલામાં સત્તાપલટો કરાવ્યો

કારાકાસ (વેનેઝુએલા), ૩ જાન્યુઆરી (એપી): અમેરિકાએ શનિવારે વહેલી સવારે વેનેઝુએલા પર મોટા પાયે હુમલો કર્યો હતો અને જણાવ્યું હતું કે નિકોલસ માદુરોની સરકાર પર મહિનાઓના તીવ્ર દબાણ બાદ તેમના રાષ્ટ્રપતિને પકડી લેવામાં આવ્યા છે અને દેશની બહાર લઈ જવામાં આવ્યા છે. રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે હુમલાના કલાકો બાદ સોશિયલ મીડિયા પર આ અસાધારણ રાત્રિ ઓપરેશનની જાહેરાત કરી હતી.

આ હુમલાની કાનૂની સત્તા – અને ટ્રમ્પે અગાઉથી સંસદની સલાહ લીધી હતી કે કેમ – તે તાત્કાલિક સ્પષ્ટ થયું નથી. અમેરિકાની આ આશ્ચર્યજનક અને વીજળીક ગતિએ કરાયેલી સૈન્ય કાર્યવાહી છે જેણે એક દેશના સત્તાધારી નેતાને પદ પરથી હટાવ્યા છે. યુએસ એટર્ની જનરલ પામ બોન્ડીએ જણાવ્યું હતું કે ન્યૂયોર્કમાં આરોપનામું દાખલ થયા બાદ માદુરો અને તેમની પત્ની સિલિયા ફ્લોરેસ સામે કેસ ચલાવવામાં આવશે. બોન્ડીએ સોશિયલ મીડિયા પોસ્ટમાં વચન આપ્યું હતું કે આ દંપતી ટૂંક સમયમાં અમેરિકન ધરતી પર અમેરિકન અદાલતોમાં અમેરિકન ન્યાયના સંપૂર્ણ ક્રોધનો સામનો કરશે. માદુરો પર ૨૦૨૦માં "નાર્કો-ટેરરિઝમ" કાવતરાના આરોપો હેઠળ કેસ નોંધવામાં આવ્યો હતો, પરંતુ તેમની પત્ની પર પણ આક્ષેપ છે તે અગાઉ જાણી શકાયું નહોતું. હુમલા પછી આ દંપતિની ધરપકડ કરવામાં આવી હતી.

શનિવારે વહેલી સવારે, અનેક વિસ્ફોટોના અવાજો સંભળાયા હતા અને નીચી ઊંચાઈએ ઉડતા વિમાનો વેનેઝુએલાની રાજધાની પર ફરી વળ્યા હતા. માદુરોની સરકારે અમેરિકા પર નાગરિક અને સૈન્ય સ્થાપનો પર હુમલો કરવાનો આરોપ લગાવતા તેને સામ્રાજ્યવાદી હુમલો ગણાવ્યો હતો અને નાગરિકોને રસ્તા પર ઉતરવા વિનંતી કરી હતી. માદુરો ક્યાં છે તેની જાણ ન હોવાથી, વેનેઝુએલાના કાયદા હેઠળના ઉપપ્રમુખ ડેલ્સી રોડ્રિગ્ઝ સત્તા સંભાળશે. જો કે તેણીને સત્તા સોંપાઈ હોવાની કોઈ સત્તાવાર પુષ્ટિ થઈ નથી, પરંતુ હુમલા બાદ તેણીએ એક નિવેદન બહાર પાડ્યું હતું.

રોડ્રિગ્ઝે કહ્યું, અમને રાષ્ટ્રપતિ નિકોલસ માદુરો અને પ્રથમ મહિલા સિલિયા ફ્લોરેસના ઠેકાણા વિશે જાણ નથી. અમે તેઓ જીવંત હોવાના પુરાવા માંગીએ છીએ. ટ્રમ્પે કહ્યું કે માદુરોને તેમની પત્ની સાથે પકડી લેવામાં આવ્યા છે અને દેશની બહાર લઈ જવામાં આવ્યા છે. આ ઓપરેશન યુએસ લો એન્ફોર્સમેન્ટ સાથે મળીને કરવામાં આવ્યું હતું. તેમણે શનિવારે સવારે મોડેથી ન્યૂઝ કોન્ફરન્સ નક્કી કરી છે. હુમલો પોતે ૩૦ મિનિટથી ઓછો સમય ચાલ્યો હતો, અને વિસ્ફોટો – ઓછામાં ઓછા સાત બ્લાસ્ટ – ને કારણે લોકો રસ્તા પર દોડી આવ્યા હતા, જ્યારે અન્ય લોકોએ શું જોયું અને સાંભળ્યું તે જણાવવા સોશિયલ મીડિયાનો સહારો લીધો હતો. બંને પક્ષે કોઈના મોત કે ઈજા થઈ છે કે કેમ અથવા વધુ કાર્યવાહી આગળ છે કે કેમ તે જાણી શકાયું નથી.

આ હુમલો ટ્રમ્પ વહીવટીતંત્ર દ્વારા માદુરો પર મહિનાઓ સુધી દબાણ વધાર્યા પછી થયો છે, જેમાં દક્ષિણ અમેરિકાના દરિયાકાંઠે અમેરિકન દળોનો મોટો જમાવડો અને નશીલા દ્રવ્યો લઈ જતી હોવાના આરોપ હેઠળ પૂર્વી પેસિફિક અને કેરેબિયનમાં બોટ પરના હુમલાઓનો સમાવેશ થાય છે. ગયા ટ્રમ્પ વહીવટીતંત્રના જણાવ્યા અનુસાર, શુક્રવાર સુધીમાં જાણીતા બોટ હુમલાની સંખ્યા ૩૫ હતી અને માર્યા ગયેલા લોકોની સંખ્યા ઓછામાં ઓછી ૧૧૫ હતી. ટ્રમ્પે કહ્યું છે કે યુએસ ડ્રગ કાર્ટેલ્સ સાથે સશસ્ત્ર સંઘર્ષમાં સામેલ છે અને અમેરિકામાં ડ્રગ્સના પ્રવાહને રોકવા માટે બોટ હુમલાઓને જરૂરી ગણાવ્યા છે. માદુરોએ અમેરિકાની સૈન્ય કાર્યવાહીઓને તેમને સત્તા પરથી હટાવવાના છૂપા પ્રયાસ તરીકે વખોડી કાઢી છે.

## કારાકાસના આકાશમાં ચમકારા અને ધુમાડા: મદુરેના ટેકદારો રસ્તા પર ઉતર્યા

### રાજધાનીના અનેક વિસ્તારોમાં વિજળી ગુલ

સશસ્ત્ર વ્યક્તિઓ અને નાગરિક મિલીશિયાના ગણવેશધારી સભ્યો કારાકાસના પડોશમાં રસ્તાઓ પર ઉતરી આવ્યા હતા જેને લાંબા સમયથી શાસક પક્ષનો ગઢ માનવામાં આવતો હતો. દિવસ ઉગતાની સાથે જ કેટલાક લોકો માદુરોની તસવીરો સાથે એકઠા થયા હતા. શહેરના અન્ય વિસ્તારોમાં, હુમલાના કલાકો પછી પણ રસ્તાઓ ખાલી રહ્યા હતા. શહેરના કેટલાક ભાગોમાં વીજળી ગુલ હતી, પરંતુ વાહનોની અવરજવર ચાલુ હતી. કારાકાસ અને એક અજાણ્યા દરિયાકાંઠાના શહેરના વીડિયોમાં ધુમાડાના ગોટેગોટા જોવા મળ્યા હતા જ્યારે કે વારંવાર થતા વિસ્ફોટોએ રાત્રિના આકાશને પ્રકાશિત કરી દીધું હતું. કારાકાસમાં લશ્કરી મથકના હેંગરમાંથી ધુમાડો નીકળતો જોવા મળ્યો હતો, જ્યારે રાજધાનીમાં અન્ય એક લશ્કરી સ્થાપન પર વીજળી નહોતી.

## મદુરો અને તેમની પત્નીને ઘસડીને બહાર કઢાયા

અમેરિકાના ડેલ્ટા ફોર્સના સૈનિકોએ પ્રમુખ નિકોલસ મદુરોને પકડ્યા હતા. પ્રમુખ આવાસના બેડરૂમમાંથી મદુરો અને તેમના પત્ની સિલ્વીયા ફલોરેસને ઘસડીને બહાર કાઢવામાં આવ્યા હતા. આ ઓપરેશન અમેરિકી પ્રમુખ ટ્રમ્પ ટીવી પર લાઇવ જોઇ રહ્યા હતા.

### મુખ્ય હુમલાના સ્થળો

**મિરાફ્લોરેસ પેલેસઃ** રાષ્ટ્રપતિનું સત્તાવાર નિવાસસ્થાન જ્યાંથી તેમની ધરપકડ કરાઈ.
**ફોર્ટ ટ્યુનાઃ** વેનેઝુએલાનું મુખ્ય લશ્કરી હેડક્વાર્ટર.
**લા કાર્લોટા એર બેઝઃ** વ્યૂહાત્મક એરફોર્સ સ્ટેશન.

## ૩૬ વર્ષ પહેલા બરાબર આ જ દિવસે પનામા પર હુમલો કરાયો હતો

આ હુમલો ૧૯૯૦માં વધુ એક લેટિન અમેરિકન દેશ પાનામા પરના અમેરિકી આક્રમણની યાદ અપાવે છે જે તેના નેતા મેન્યુઅલ એન્ટોનિયો નોરિયેગાના શરણાગતિ અને ધરપકડ તરફ દોરી ગઇ હતી – બરાબર ૩૬ વર્ષ પહેલાં શનિવારે ૩ જાન્યુઆરીએ જ આ થયું હતુ. તે વખતે અમેરિકાના પ્રમુખ જ્યોર્જ બુશ સિનિયર હતા.

**પોષ પૂર્ણિમા સાથે માઘ મેળા અને કલ્પવાસનો શુભારંભ**

# ઠરઠરતી ઠંડીમાં આસ્થાની ડૂબકી

**પોષ** પૂર્ણિમાએ 9 લાખથી વધુ શ્રદ્ધાળુઓએ સંગમ સ્નાન કર્યું

**પ્રયાગરાજ, તા. 3 (પીટીઆઈ):** શનિવારે અહીં માઘ મેળાની શરૂઆત સાથે જ 'પોષ પૂર્ણિમા' પર વૃદ્ધો અને બાળકો સહિત વિવિધ ક્ષેત્રના લાખો શ્રદ્ધાળુઓએ સંગમના બર્ફીલા ઠંડા પાણીમાં ડૂબકી લગાવી હતી.

મહિના સુધી ચાલનારા 'કલ્પવાસ', જે લોકોને તેમના પાપોથી મુક્ત કરે છે, તેની શરૂઆત પણ 'પોષ પૂર્ણિમા'થી થઈ હતી.

'કલ્પવાસ' દરમિયાન શ્રદ્ધાળુઓ દરરોજ બે વાર ગંગામાં સ્નાન કરે છે અને દિવસમાં એક વાર ભોજન કરે છે, બાકીનો સમય તેમના પસંદ કરેલા દેવતાનું ધ્યાન અને પૂજા કરવામાં વિતાવે છે.

માઘ મેળાના અધિકારીઓના જણાવ્યા અનુસાર, સવારે 10 વાગ્યા સુધી લગભગ 9 લાખ શ્રદ્ધાળુઓએ પવિત્ર ડૂબકી લગાવી હતી.

હિન્દીમાં એક્સ પર એક પોસ્ટમાં ઉત્તર પ્રદેશના મુખ્યમંત્રી યોગી આદિત્યનાથે કહ્યું, ''દેવી ગંગાને વંદન! માઘ મેળાની શરૂઆત અને પોષ પૂર્ણિમાના શુભ અવસર પર તમામ શ્રદ્ધાળુઓ અને રાજ્યના રહેવાસીઓને અભિનંદન અને શુભકામનાઓ.'' આદિત્યનાથે કહ્યું, ''તીર્થસ્થાનોના રાજા પ્રયાગરાજમાં

...અનુસંધાન પાના 11 પર



તા. ૦૩-૦૧-૨૦૨૫નું વડોદરા શહેરનું
**હવામાન**

| મહત્તમ | લઘુત્તમ | ભેજ |
|---|---|---|
| ૨૭.૪° સે. | ૧૫.૦° સે. | ૫૬% |

# ઉત્તર ભારત ઠૂંઠવાયું: ગાઢ ધુમ્મસ

**દિલ્હીમાં** 'યેલો એલર્ટ': 4 જાન્યુઆરીથી શીત લહેરની આગાહી, ગાઢ ધુમ્મસને કારણે વિઝિબિલિટી ઘટી

**નવી દિલ્હી, તા. 3 (પીટીઆઈ):** શનિવારે ઉત્તરી રાજ્યોમાં ભારે ઠંડીનો માહોલ રહ્યો હતો, જમ્મુ-કાશ્મીર અને હિમાચલ પ્રદેશના ઊંચા વિસ્તારોમાં પારો શૂન્ય બિંદુથી નીચે ગયો, જ્યારે મેદાની વિસ્તારોમાં ઠંડીનું વાતાવરણ રહ્યું, સાથેસાથે વહેલી સવારના સમયે ગાઢ ધુમ્મસ પણ રહ્યું હતું.

હવામાન વિભાગે આગાહી કરી છે કે, ૪ જાન્યુઆરીથી ૭ જાન્યુઆરી દરમિયાન રાષ્ટ્રીય રાજધાનીમાં અલગ-અલગ સ્થળોએ શીત લહેરની સંભાવના છે, રવિવારે શહેરમાં ગાઢ ધુમ્મસ માટે યેલો એલર્ટ જારી કરવામાં આવ્યું છે.

જ્યારે લઘુત્તમ તાપમાન મોસમી સરેરાશ કરતાં ૪.૫થી ૬.૫ ડિગ્રી નીચે જાય છે ત્યારે શીત લહેર જાહેર કરવામાં આવે છે.

ભારતીય હવામાન વિભાગ (આઈએમડી)ના જણાવ્યા અનુસાર, દિલ્હીમાં લઘુત્તમ તાપમાન ૮.૧ ડિગ્રી સેલ્સિયસ નોંધાયું હતું, જે મોસમી સરેરાશ કરતાં ૧.૨ ડિગ્રી વધારે હતું, જ્યારે મહત્તમ તાપમાન ૧૭.૩ ડિગ્રી સેલ્સિયસ હતું, જે સામાન્ય કરતાં ૨ ડિગ્રી ઓછું હતું.

આયનગર સ્ટેશન પર સૌથી ઓછું લઘુત્તમ તાપમાન 6.9 ડિગ્રી સેલ્સિયસ નોંધાયું હતું, જ્યારે લોધી રોડ પર સૌથી વધુ મહત્તમ તાપમાન 17.6 ડિગ્રી સેલ્સિયસ નોંધાયું હતું.

આઈએમડીએ જણાવ્યું હતું કે, સવારના સમયે ગાઢ ધુમ્મસના કારણે દૃશ્યતા ઓછી રહી હતી, જ્યારે સફદરજંગમાં સવારે 9 વાગ્યાની આસપાસ સૌથી ઓછી દૃશ્યતા 800 મીટર નોંધાઈ હતી, જે પછીથી સુધરીને 1,200 મીટર થઈ ગઈ હતી.

પશ્ચિમ હિમાલય પર્વતમાળાઓ સાથે ઘણી જગ્યાએ પારો શૂન્યથી નીચે ગયો હતો.

આઈએમડીએ જણાવ્યું હતું કે, થોડા દિવસોની રાહત પછી શૂન્યથી નીચે લઘુત્તમ તાપમાનના કારણે કાશ્મીરમાં ફરી ભારે ઠંડી આવી છે.